# સાચી સમજ: વસ્તુ અને સેવા વેરો

ભાવિકકુમાર નટવરલાલ પ્રજાપતિ
પીએચ. ડી. સ્કોલર, શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજ, પાટણ

1લી જુલાઈ થી સૌ પ્રથમવાર દેસની આઝાદી પછીનો કરવેરાનો સૌથી મોટો સુધારો GST (Goods and Service Tax) ના સ્વરૂપમાં અમલ થયો છે. ભારત GST નો અમલ કરનાર 161 મો દેશ છે. ફ્રાંસ 1954 માં GST અમલ કરનાર પ્રથમ દેશ હતો. ભારતમાં કરમાળખાના સુધારા 1950 ના દાયકાથી જ શરુ થયા હતા. જેમાં પ્રારંભમાં કરવેરા તપાસ સમિતિ Widening and deepending of tax structure અર્થાત કરના દરોમાં વૃદ્ધિ અને કરોના વિસ્તૃતીકરણ ઉપર ભાર મુક્યો હતો. સીધા કરવેરા તપાસ સમિતિની ભલામણોને આધારે કરના અતિષય સીમાંતદરોમાં ક્રમશઃ ઘટાડો (ખાસ કરીને આવક વેરામાં) કરવામાં આવ્યો. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તથા વિક્રેતાઓ દ્વારા ગ્રાહક પાસેથી એટલે કે અંતિમ વપરાશકર્તા પાસેથી કર લેવામાં આવતો હતો. Value Added Tax મૂલ્ય વૃદ્ધિ કર એટલે કે પુરવઠા સાંકળ (Supply Chain) ના બધા જ તબક્કે કર ઉઘરાવવા તથા મુલ્ય વૃદ્ધિ ઉપર ઉઘરાવતા કરને આધારે કરમાં રીબેટ મેળવવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી. રાજ્યોના વેચાણ વેરાના વિકલ્પે શરુ થયેલ VAT એક ખરીદ કિંમતને આધારે રાજ્યને ચૂકવાતો હંગામી કર છે. કે જે વસ્તુઓના પુનઃવેચાણ સમયે રાજ્ય દ્વારા પ્રારંભિક ચુકવણીને રી-ઈમ્બર્સ (મજરે આપવું) સ્વરૂપે મજરે આપવામાં આવે છે અને છેવટના ગ્રાહક પાસેથી વસુલાતો કર સરકારમાં જમા થાય છે.

ભારતમાં જુદા જુદા રાજ્યો જુદાજુદા પ્રમાણમાં Value Added Tax ઉઘરાવે છે. જે 5 ટકાથી 12.50 ટકા સુધી તફાવત ધરાવે છે. વળી જુદા જુદા રાજ્યોમાં Value Added Tax સાથે અલગ અલગ પરોક્ષ વેરાઓ તથા કર ઉપર સેસની પ્રથા ચાલે છે. આ સંજોગોમાં સમગ્ર દેશમાં બધા રાજ્યોમાં એક સમાન પરોક્ષ વેરા અને પરોક્ષ વેરાના એક સમાન દર હોય તે વેપાર ધંધાના વિકાસ માટે ખુબ આવશ્યક ગણાય છે. ભારતમાં સૌ પ્રથમવાર બાજપાઈ સરકારે ઈ.સ.2000 માં GST દાખલ કરવા માટે ભલામણ કરવા સમિતિ નીમી હતી. ઈ.સ.2006 માં કેન્દ્રિય નાણામંત્રી પી. ચિદમ્બરમે GST દાખલ કરવા જણાવ્યું હતું NDA સરકાર કેન્દ્રમાં સત્તામાં આવ્યા પછી GST દાખલ કરવા અંગે પ્રયાસો સક્રિય બન્યા અને ઈ.સ.2016 ના ઓગસ્ટમાં સંસદના બન્ને ગૃહમાં GST બીલ પસાર કરવામાં આવ્યું. આ અંગે ભારતના 50 ટકા કરતા વધુ રાજ્યોની સંમતિ જરૂર હતી. જે 1 સપ્ટેમ્બર 2016 ના રોજ મેળવી લેવાઈ હતી.

## ૧. GST એટલે શું?

માલ અને સેવાના વપરાશ ઉપર એક સ્થળ આધારિત કર છે. તે ઉત્પાદનથી અંતિમ વપરાશ સુધી દરેક તબક્કે લાગુ કરવાની દરખાસ્ત છે. તેની સાથે આગળના તબક્કામાં ભરવામાં આવેલ કરની ક્રેડીટ સેટઓફ તરીકે ઉપલબ્ધ રહેશે. ટૂંકમાં માત્ર કિંમત વધારા ઉપર કર લેવામાં આવશે અને કરનો બોજ અંતિમ ગ્રાહક દ્વારા ચુકવવામાં આવશે.

## ૨. GST ના પ્રકારો

Goods and Service Tax અર્થાત વસ્તુ અને સેવા વેરાના ત્રણ પ્રકાર છે.

- SGST – SGST એ State GST છે. કે જેમાં વેટ, મનોરંજન કર, લક્ઝરી ટેક્ષ, લોટરી, માલ અને સર્વિસ પર રાજ્યોના લગતા સેસ અને સરચાર્જ તેમજ ઓક્ટ્રોયના વિકલ્પે લાગતા એન્ટ્રી ટેક્ષનો સમાવેશ થઈ જશે. આ વેરો રાજ્ય દ્વારા લેવાશે.
- CGST – Central GST. જેમાં એક્સાઈઝ ડ્યુટી, વધારાની એક્સાઈઝ ડ્યુટી, મેડીસીનલ અને ટોયલેટરીઝ પ્રમોશન એક્ટ હેઠળ લાગતી એક્સાઈઝ ડ્યુટી, સર્વિસ ટેક્ષ, વધારાની કસ્ટમ ડ્યુટી, સ્પેશ્યલ એડીશનલ ડ્યુટી ઓફ કસ્ટમ, સેસ અને સરચાર્જનો સમાવેશ થશે. દેશની સંસદ કેન્દ્ર સરકાર આ વેરો ઉઘરાવાની સત્તા ધરાવશે.

- IGST – (Inter State GST) જેમાં માલ અને સેવાઓના આંતર રાજ્યના વ્યવહારો પર લાગુ પડશે એટલે કે રાજ્ય બહાર સપ્લાય કે સેવાઓ કરવામાં આવશે તેના ઉપર વેરો લેવામાં આવશે. આ વેરો કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવશે.

GST ની કર પદ્ધતિ એ જુના વેચાણવેરાની પદ્ધતિથી નહિ પરંતુ હાલમાં વર્તમાન મુલ્ય વૃદ્ધિ દરની પદ્ધતિથી લેવાશે. આમ સપ્લાય ચેઈનના દરેક તબક્કે મુલ્ય વૃદ્ધિના આધારે કર લેવાશે તથા તે મુજબ ટેક્ષ ક્રેડીટ આપવામાં આવશે.

### ૩. GST ના દર

- EXEMPTED – એજ્યુકેશન, સ્વાસ્થ સેવાઓ (HEALTH CARE), ખેતી અને કૃષિ, જાહેર પરિવહન સેવાઓ.
- "0" - જીવન જરૂરિયાતની વસ્તુઓ. જેમ કે ફૂડ ગેઈન્સ.
- 5% - સ્ટીલ, લોખંડ અને અન્ય જીવન જરૂરી વસ્તુઓ.
- 12% - વર્કસ કોન્ટ્રાકટ, કોમ્પ્યુટર, પ્રોસેસડ ફૂડ વગેરે.
- 18% - આવશ્યક વસ્તુઓ અને સેવાઓ પર (Standard Rate)
- 28% - મોજશોખની વસ્તુઓ અને લક્ઝરી માલ ઉપર
- 28% + સેસ – લક્ઝરી કાર, તમાકુ અને સિગારેટ જેવી વસ્તુઓ.

આમ, GST કર વ્યવસ્થામાં પરોક્ષ વેરાની દ્રષ્ટિએ પ્રગતિશીલ કર વ્યવસ્થા દાખલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મોટાભાગની જીવન જરૂરિયાતની વસ્તુઓ સદંતર કર માફી મળવાને પરિણામે ગરીબ વર્ગ ઉપર કરબોજ આવવાની શક્યતા નહીવત છે. બ્રાન્ડેડ વસ્તુઓ, મોઘી વસ્તુઓ અને સેવાઓ લક્ઝરીયસ વસ્તુઓ ને સેવાઓ ઉપર વધુ કરનો દર હોવાથી ઉપલબ્ધ માધ્યમ અને ધનિક વર્ગ ઉપર વધુ કરબોજ આવવાની શક્યતા છે. આમ GST ને પરિણામે કરવ્યવસ્થા પરોક્ષ કર સંદર્ભે વધુ પ્રગતિશીલ થવાથી સામાજિક ન્યાયનો રાજકોષીય સિદ્ધાંત વધુ કારગત થવા સમંભાવ છે.

**પારદર્શી વ્યવસ્થા**

ભારતની પરોક્ષ કર વ્યવસ્થાને GST દ્વારા વધુ ચુસ્ત અને પારદર્શી બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ભારતમાં વેપાર ધંધાના ક્ષેત્રે મોટા પાયા પર બિન હિસાબી કારોબાર અને તે દ્વારા વ્યાપક પ્રમાણમાં કરચોરી થતી હોવાનું જણાય છે. વેપાર ધંધાના ક્ષેત્રે બે નંબરી કારોબાર તથા કર ચોરી ઉપર અસરકારક નિયંત્રણ આવે તે કર વ્યવસ્થાની અસરકારકતા તેમજ અર્થતંત્રની સુદ્રઢતા માટે અત્યંત આવશ્યક છે. આથી GST કરવ્યવસ્થા હેઠળ અત્યંત ચુસ્ત જોગવાઈઓ કરવામાં આવી છે અને કરવ્યવસ્થામાં પારદર્શિતા વધારવામાં આવી છે. બિન હિસાબી કારોબારી તથા વ્યાપક કરચોરીથી ટેવાયેલ ઘણા વિક્રેતાઓની GST ની ચુસ્ત જોગવાઈઓ અત્યંત કઠોર જણાય તે સ્વાભાવિક છે. GST એ પરોક્ષ વેરાનું અત્યાર સુધીનું સૌથી મોટો સુધારો હોવાથી પ્રારંભિક સમયમાં તેની જોગવાઈઓ અને અમલ બાબતે કેટલીક અસ્પષ્ટતાઓ અને શંકાઓ વિશેષ કરીને વેપારી વર્ગમાં પ્રવર્તે તે સહજ જણાય છે આ સંદર્ભે વેપારીઓની શંકાઓ દુર થાય અને દેશમાં સુચારુ રીતે GST નો અમલ થાય તે હેતુથી કેન્દ્ર સરકારે તેની જોગવાઈઓ અંગે પસાર માધ્યમોની મદદથી માર્ગદર્શન તથા આધારભૂત જાણકારી આપવાની પ્રસંશનીય શરૂઆત કરી છે. GST ના રાષ્ટ્રવ્યાપી લાભો સંદર્ભે પણ લોકમત કેળવવા અંગે પ્રસંશનીય પ્રયાસો કરવામાં આવ્યા છે.

GSTની કેટલીક જોગવાઈઓ અંગે વેપારી વર્ગમાં તીવ્ર વિરોધ પ્રવર્તે છે. જેમ કે બીલોના ઓડીટ ટેક્ષ પ્રેકટીશનરને બદલે સી.એ. કે સી.એસ. પાસે જ કરાવવાની જોગવાઈથી વેપારીઓને આર્થિક નુકશાન થાય તેમજ તેમની હાલાકીમાં વધારો થવા પામે, વળી બીલો અને કર ચૂકવણી તથા ટેક્ષ ક્રેડીટ બાબતે જો વિક્રેતાના પક્ષે કોઈ ગેરરીતી જણાય અથવા કર અધિકારીને તેવું લાગે તો તેવા વેપારીને છ માસ સુધીની જેલની સજાની જોગવાઈ કેટલાક કિસ્સાઓમાં ખરેખર અન્યાય કારી બની શકે. કરવેરા અધિકારીઓને બદઈરાદાના સંજોગોમાં સજાની ભલામણ કરવાની સત્તા આપતી જોગવાઈ તેનો દુરુપયોગ થવાની સંભાવના પણ દર્શાવે છે. આથી વેપારી વર્ગમાં આ જોગવાઈ અંગે શંકા અને ફફડાટ પ્રવર્તે છે. જે અંગે પુનઃવિચારણા કરવાની જરૂર જણાય છે.

**GSTની દુરોગામી અસર**

GST ની મુખ્ય બે વિશેષતાઓ છે.

1. વિવિધ પ્રકારના વેરા સામે એકજ વેરો અમલમાં આવ્યો છે.
2. બધા રાજ્યોમાં એક સમાનવેરો લાગુથયો છે.

GST ના કરના દર સંદર્ભે જે તે રાજ્યોએ આનુસંગિક કાયદા ઘડવાના થાય છે. જે પૈકી કેટલાક રાજ્યો કેન્દ્ર સૂચિત એક સમાન દરોને બદલે થોડે અંશે જુદા કર લાગુ કરી શકે, પરંતુ પ્રારંભિક પાંચ વર્ષ દરમિયાન GST ના અમલ અને પરિણામે રાજ્ય સરકારોને પરોક્ષ કરવેરા ઉપજમાં થનાર ખોટની ભરપાઈ પ્રારંભિક પાંચ વર્ષ સુધી કરી આપવાની બાહેધરી આપી હોવાથી વિવિધ રાજ્યો દ્વારા ઘણે અંશે એક સમાન કરના દરની પદ્ધતિ સ્વીકારવામાં આવી છે.

આ બે વિશેષતાઓને પરિણામે ભારતીય કર વ્યવસ્થા વધુ સરળ બને છે અને તેથી કર ઉઘરાવવાનો ખર્ચ ઘટવાની સંભાવના રહે છે અને તેને પરિણામે ચોખ્ખી કર ઉપજમાં વધારો થવાની શક્યતા છે. આમ આ કર વ્યવસ્થા કાર્યક્ષમતા, કરકસર અને ઉત્પાદકતાના સિદ્ધાંતો પર આધારિત છે. કર વ્યવસ્થામાં પારદર્શિતા વધવાને પરિણામે બેનામી અને બિનહિસાબી વ્યવહારો, કરચોરી તથા કાળુંનાણું ઘટવા પામશે, અને કર ઉપજમાં નોધપાત્ર વધારો થવા પામશે. કરચોરી અને કાળા નાણાંનું નિયંત્રણ અર્થતંત્ર ઉપર હકારાત્મક અસરો જન્માવે છે. કર ઉપજમાં અસરકારક વધારો થવાથી દેશના આંતરમાળખાકીય વિકાસ માટે વધુ જાહેર મૂડી રોકાણો ઉપલબ્ધ બનશે. જે આર્થિક વિકાસની પ્રક્રિયાને વેગવંતી બનાવશે. GST ને પરિણામે દેશના બધા રાજ્યોમાં એક સમાન પરોક્ષ વેરા અમલમાં આવવાથી વિદેશી મૂડીરોકાણો આકર્ષવાની શક્યતાઓ વધે છે. GST ના અમલના પરિણામે દેશમાં મુક્ત વેપાર વિસ્તાર અને કોમન માર્કેટની વ્યવસ્થા હેઠળ મળતા વેપાર સર્જન અને વેપાર વૃદ્ધિ જેવા લાભો વધવાની શક્યતા છે. GST ના અમલના પરિણામે દેશની GDP માં એક ટકા કે તેથી વધુ વૃદ્ધિ થવા સંભવ છે. GST ને પરિણામે ભારતનું અર્થતંત્ર ખરા અર્થમાં એક બજાર અથવા સહિયારું બજાર બની રહેશે.

વિશ્વમાં સૌ પ્રથમ 1954માં ફ્રાંસ GST નો અમલ કરનાર પ્રથમ દેશ હતો. OECD (Organization For Economic Co-operation and Development)ના સભ્ય દેશો પૈકી ફક્ત યુ.એસ.એ. સિવાયના બધા દેશોએ GST નો અમલ કર્યો છે અને તેમનો અનુભવ હકારાત્મક રહ્યો છે. વિશ્વમાં 160 દેશ કરતા વધુ દેશોમાં વિશેષ કરીને મોટાભાગના વિકસિત દેશોમાં GST કર વ્યવસ્થા અમલમાં છે. આ સંદર્ભે એવું માની શકાય કે ભારતમાં GST સ્વરૂપે કર વ્યવસ્થાનો સુધારો લાંબા ગાળાની આર્થિક અસરોની દ્રષ્ટિએ યોગ્ય દિશાનો છે.

**સંદર્ભસૂચી**

1. લીલાબેન. એમ. સ્વામી (મજબુત સમાવાય તંત્રની દિશામાં એક મહત્વનું પગલું. GST)
2. http://www.cbec.gov.in/resources//htdocs-cbec/gst/faq-gst-gujarati.pdf;jsessionid=5DF19B7BC4089BC263E558FB5681173E
3. http://gstupdates.com/wp-content/uploads/2017/06/GST